સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

લોકસેવા કરીને સારાં ભાવિની રેખ જોઈ લ્યો!
તળિયેથી કરો સફાઈ, ભાગ્યના લેખ જોઈ લ્યો!
શેરી એ શેરી, આપી દો પદ, નીમો 'શેરી'-પ્રમુખ'-
સત્તાનાં સપના છોડીને સેવાનો ભેખ લઈ લ્યો!
(કૉંગ્રીનો સંપૂર્ણ પુનરોદ્ધાર ખૂબ જરૂરી)

હાઈકુ

મળશે નહીં -
કર્યા વિના જ સેવા!
સત્તાના મેવા
(ગાંધી સેવક બનાવો)

થઈ ગ્યા ખાક
કુસંપની હોળીમાં -
પ્રહ્લાદો પણ...
(લીલાં પણ બળી ગ્યાં)

ચિંતન

નિજ ઈચ્છા પ્રભુ અવતરઈ, સુર મહિ ગોદ્વિજ લાગિ ।
સગુન ઉપાસક સંગ તહં, રહરિ મોચ્છ સબ ત્યાગિ ॥

ઉપરોક્ત સાખી રામચરિત માનસમાંથી લેવામાં આવેલ છે.

દેવતા, પૃથ્વી, ગાય અને બ્રાહ્મણોની રક્ષા માટે ભગવાન પોતાની ઈચ્છાથી અવતાર ધારણ કરે છે, ત્યારે સગુણ સ્વરુપના ઉપાસકો સર્વ પ્રકારનો મોક્ષ પરિત્યાગ કરી એમની સાથે જ રહે છે. અહીં એક વાત સ્પષ્ટ કહેવાઈ છે કે ભગવાન પોતાની ઈચ્છાથી જ અવતાર ધારણ કરે છે. તેમને કોઈ પણ પ્રકારનાં કર્મનાં કે અન્ય કોઈ પણ બંધન નથી કારણ કે તેઓ સંપૂર્ણ સ્વતંત્ર છે.

આ પ્રકારની ભક્તિમાં કે પ્રભુચરણોમાં દૃઢ અનુરાગ માટે સત્સંગ અને વિશ્વાસ અતિ આવશ્યક છે. જ્યાં સુધી સત્સંગ ન થાય ત્યાં સુધી ભગવાનની લીલાઓ સાંભળવા મળતી નથી અને સદ્‌ગુરુની પ્રાપ્તિ અને કૃપા વગર પ્રભુની લીલાઓનું ગુઢ રહસ્ય સમજાતું નથી. અને ત્યાં સુધી મોહનો નાશ થતો ન હોવાથી ભગવાનનાં ચરણોમાં પ્રેમ થતો નથી.

સુવિચાર

- કુછ 'મૈં' મેં ડૂબા હૈં, કુછ 'મય' મેં ડૂબે હૈં!
  કુછ 'રબ' મેં ડૂબે હૈ, કુછ 'રબ' સે રુઠે હૈ! - **નસીર ઈસમાઈલી**
- લુચ્ચાઈ બહુ ટૂંકું ઓઢણ છે, જો તમે ખેંચી ને મોં ઢાંકો છો,
  તો તમારા પગ ઊઘાડા થઈ જાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- હું જાણું છું એ જ મોટું 'ભૂત' છ આ મારું છે એ મોટો 'વળગાડ' છે - **જીવન પાયેય**
- તમારા રોજિંદા જીવન કાર્યમાં તમે કેટલી વાર પરેશાન થયા છો
  તે શોધી કાઢી તો તમારું સામર્થ્ય મપાશે - **એન્થની ડિમેલો**
- આપણને મરવા જેવું લાગે, એવું આપણે કાંઈ કરીએ તે પહેલાં જ મરી જવું સારું - **હેન્રી ફ્રેડરિક**
- જે કાંઈ બોલી શકાય છે તે બોલવા જેવું નથી અને જે કંઈ બોલવા જેવું છે એ બોલી શકાતું નથી, એથી બહેતર છે કે મૌન રહેવું - **રજનીશ**
- આજનું ઔષધ : એરંડાના મૂળને પાંચસોગ્રામ પાણીમાં ઉકાળી ૨૦૦ ગ્રામ પાણી વધે તેને ઠંડુ પડવા દઈ સવાર-સાંજ ચાના કપ જેટલું લેવાથી પેટની ચરબી ઘટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

શ્રીમંત-શેઠ-શેઠાણી-પુત્ર-પુષવધૂ જોઈન્ટ ફેમિલીમાં ખૂબ જાહોજલાલી પૂર્વક રહેતા હતા. ચારે જણ ભક્તિભાવ અને આસ્થામાં દિવસો પસાર કરતા. શેઠને આ કુટુંબને સાચો આધ્યાત્મિક રાહ દેખાડે તેવા સાચા જ્ઞાની સંત શોધવા જોઈએ. ઘણી મહેનત પછી સાચા સંત ન મળતા પુત્રવધૂએ કહ્યું, 'આપ રજા આપો તો હું ગુરુ શોધવા પ્રયત્ન કરું' પૂત્રવધુએ યુક્તિ કરી. એક પાંજરું મંગાવ્યું અને ચતુરાઈ પૂર્વક એક કાગડો એમાં પૂર્યો. જે કોઈ સંત, મહાત્મા આવે એમની સાથે પુત્રવધૂ ચર્ચા કરે. પછી સંતને કહે, 'આ પાંજરામાં તમે કબૂતર જોયું ?' આવનારા સંતને નવાઈ લાગે. સંત પહેલાં સમજાવે કે આ પાંજરામાં કાગડો છે. કબૂતર નથી.' પુત્રવધૂ કહે, 'આ કબૂતર જ છે.' ઉગ્રચર્ચા થાય પછી સંત-મહાત્મા ગુસ્સે થાય, અપમાન કરે, અપશબ્દ બોપીને ચાલ્યા જાય. આમ એકાદ મહિનો ચાલ્યું. વિદાય થાય અને સંત ગુસ્સે થાય અને ચાલ્યા જાય. એક દિવસ એક જ્ઞાની વૃદ્ધ સંત આવ્યા. પુત્રવધૂએ એમની સાથે સંવાદ શરૂ કર્યો. પાંજરું બતાવીને કહ્યું, 'આ કબૂતર છે.' ખોટી દલીલોથી સંતને ઉશ્કેરવા અને કાગડાને કબૂતર સાબિત કરવાના ઘણા પ્રયત્નો કર્યા. સંત પણ ન માન્યા અને પુત્રવધૂ પણ જીદ ઉપર હતા. છેવટે સંતે શાંતિથી વિનયપૂર્વક કહ્યું, 'આ કાગડો જ છે. તમે ભલે તમારી હઠ પકડી રાખો, પણ આ કાગડો જ બેટા! સાચી હકીકત સમજો અને સ્વીકારો એ જ ધર્મ છે, ભૂલ તો કોઈથી પણ થાય, પણ ભૂલ સમજવી જરૂરી છે. સમજી ગયા બાદ ભૂલ ન સુધારે તે મૂર્ખ છે.' સંતે શુભ આશીર્વાદ આપ્યા અને ચાલતી પકડી. પુત્રવધૂએ સંતના ચરણ પકડી લીધા. શેઠ-શેઠાણીને આ સંતને પરિવારના જ્ઞાની ગુરુ બનાવવા વિનંતી કરી.

અપમૃત્યુની ઘટનાઓમાં ચિંતાનજક વધારો

તંત્રીસ્થાનેથી...

એક તરફ ગુજરાતનાં શહેરોને આરામદાયક જીવન માટેના અગ્રતા ક્રમમાં મુકાતાં જોઈ ગુજરાતીઓ તરીકે આપણને ગૌરવ થાય ત્યારે બીજી તરફ રોજેરોજ બનતી આત્મહત્યા અને હત્યાની ઘટનાઓથી આઘાતમાં સરી પડાય બલકે જાણે કોઈ કુદરતી કોપ તો નથી ઊતરી આવ્યો એવી અસલામતીની મનોદશામાં મૂંઝારો અનુભવાય છે. એકલદોકલ આત્મહત્યાની જગ્યા હવે સામૂહિક આત્મહત્યાએ લીધી છે. આખો ને આખો પરિવાર કોકાકોલામાં ઝેર ભેળવીને મોતની સોડ તાણવમાં પ્રવર્તમાન મુસીબતોનો ઉકેલ જોતો થઈ ગયો છે. આવી ઘટનાઓ વિવિધ શહેરોમાં અને ગ્રામીણ વિસ્તારોમાં પણ બનવા લાગી છે. એમાં મુખ્ય કારણ આર્થિક ભીંસ હોય છે, જેને પહોંચી વળવા અને એનો ઉકેલ આણવા પરિવારે થઈ શકે એટલા તમામ ઉપાયો અજમાવ્યા છતાં નિરાશા સાંપડતાં છેલ્લા ઉપાય તરીકે મોત વહાલું કરવાનો વિકલ્પ સ્વીકાર્યો હોય છે. આ સામૂહિક ડિપ્રેશનનો દોર મૂળે તો લોકડાઉન જેવા સમયગાળામાં ધંધા રોજગાર બંધ થઈ જવાથી અને દેવું વધી જતાં એ ચૂકવી શકવાની કોઈ હાલત નહીં રહેવાથી શરૂ થાય છે. પરિવારના મોભી જ ભીતરથી તૂટી જાય છે. પછી એમની એ મનોદશાને ઘરના અન્ય સભ્યો પણ મને કમને સમર્થન આપી સામૂહિક આત્મહત્યાનું આયોજન કરે છે. આત્મહત્યા કરવા માટે પણ હિંમતની જરૂર પડતી હોય છે. દુનિયા અને જિંદગી પ્રત્યે સંપૂર્ણપણે વિરક્ત થઈ જઈ આવી વ્યક્તિઓ આત્મહત્યાનો અરેરાટી ઊપજાવે એવો નિર્ણય લઈ બેસતી હોય છે. હમણાં થોડાં દિવસોના અંતરે આવા બનાવો બનતા રહે છે. જેમાં ઘરના સૌથી નાની વયના બાળકને પણ મોતની નીંદર સુવડાવવા કઠણ કાળજું કરીને ઘરના મોભી જ ઝેર મિશ્રિત પીણું પીવડાવી દેતા હોવાનું બહાર આવ્યું છે. બીજી તરફ દહેજના દૂષણ અને સાસરિયાંના અત્યાચારનો ભોગ બનેલી ગરીબ ઘરની આશાભરી લાકડી છેલ્લે પતિ સાથે લાંબી વાતચીતને અંતે વીડિયો ઉતારી સાબરમતીમાં ઝંપલાવે છે. એને પતિના દુર્વ્યવહારનું દુઃખ જરૂર છે છતાં એક ઉદારચરિત ભારતીય પત્નીની જેમ એ પોતાના મોત માટે કોઈને પણ દોષિત નહીં ગણવાનો સંદેશો મૂકતી જાય છે. શું જિંદગી નદીના હવાલે કરી દેવા જેટલી સસ્તી બની ચૂકી છે? ગુજરાત જેવા સંસ્કારી પ્રદેશમાં સામૂહિક આત્મહત્યા કે આઈશા જેવી હોનહાર યુવતીની એકલદોકલ આત્મહત્યા જરૂર એક બહુ જ મોટી નાલેશી ગણાશે. સોલા વિસ્તારના પોશ બંગલામાં નિવૃત્ત જીવન ગાળતા વૃદ્ધ દંપતીની કરપીણ હત્યા ધોળે દિવસે થઈ શકે છે તે શું સૂચવે છે? ગુજરાત હવે દેશના અન્ય વિસ્તારો ઝેટલો જ બિનસલામત પ્રદેશ બની ચૂક્યું છે. પ્રમાણમાં ગામડાં સલામત છે, પણ શહેરોમાં એકલા રહેતા સિનિયર સિટીઝનોના માથે આફત ક્યારે ત્રાટકશે તે કલ્પવું અઘરું છે. ગ્લોબલાઈઝેશનના પગલે દીકરા વિદેશ કે અન્ય સ્થળે રહેવા ચાલ્યા જતાં સમૃદ્ધ વૃદ્ધ માતાપિતાને ઘરઘાટીઓ અને નોકરોથી જ કામ ચલાવવું પડે તે સ્વાભાવિક છે. સરકાર આવા સિનિયર સિટીઝનો માટે, દેવાદાર બની ગયાં હોવાથી આત્મહત્યાને જ તરણોપાય લેખતાં હતાશામાં સરી ગયેલા પરિવારોને અને દહેજ કે અંગત જીવનની સમસ્યાઓનો ઉકેલ આત્મહત્યામાં નિહાળતી આઈશા જેવી યુવતીઓ માટે કશું જ કરી શકતી નથી તે ખરેખર ગુજરાત અને ગુજરાતીઓની શરમ ગણાવી જોઈએ.

આજે ભારતનું ભાવિ ઘરમાં ઘડાઇ રહ્યું છે!

આરપાર
રાઘવજી માધડ

'મારા જીવનનાં ચાલીશથી વધારે વરસો હું શિક્ષક રહ્યો છું.અને તમને કહેવા માગું છું કે વિદ્યાર્થી ઓમાં બુનિયાદી કોઈ જ ખરાબી નથી.આપણે તેને તક જ આપતા નથી,જે એમનો અધિકાર છે.મોટા મોટા બંધો બાંધવાનો કોઈ જ અર્થ નથી જો આપણે જે માણસો પેદા કરીશું તે નાના હશે! આ ઉદગાર છે,ગઈ કાલે જેઓનો જન્મદિન, શિક્ષકદિન તરીકે ઉજવવામાં આવ્યો તે ડો.રાધાકૃષ્ણનના.જેઓ ઈ.સ. ૧૯૫૫માં ગુજ રાત યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં આવ્યા હતા ત્યારે, દીક્ષાંત પ્રવચનમાં વ્યક્ત થયા હતા.

એક સમયે બાળકને ઢસડી,ટીંગાટોળી કરી સ્કુલમાં મુકવા જવો પડતો હતો.આજે સ્કૂલે નથી જાવાનું ...એવું કહેવું પડે છે.સ્કૂલ બાળકોને નથી ગમતી તે હકીકત છે.પરંતુ હવે ઘરમાં નથી ગમતું..! બાળકને શું ગમે છે, શું કરવા ગમે છે તે શોધવું ને નક્કી કરવું પડશે. બાકી નવરો બેઠો તે નખ્ખોદ વાળે !

એક શિક્ષણપંચમાં કહેવાયું હતું : ભારતનું ભાવિ વર્ગખંડોમાં ઘડાઈ રહ્યું છે.પણ હાલ તો ઘરમાં ઘડાઇ રહ્યું હોય એવું લાગે છે ! બાળકને સર્જનાત્મકકાર્યમાં વધારે રસ છે.આંશિક ઓનલાઈન એજ્યુકેશન એ માત્ર નરણા કોઠાનો નાસ્તો છે.દિવસભરનું ભાથું આપવા ક્રિએટીવીટી કામે લગાડવી પડે. જે લગભગ કોઈ આપતું નથી. પરિણામે બાળક કંટાળે છે,જીદ્દી બને છે ને ચીડિયાપણું પણ આવે છે...

સ્કુલ બંધ પણ શિક્ષણ ચાલુ... આવું વાંચીએ ત્યારે થાય છે કે, શિક્ષણની સંકલ્પના બદલાઈ ગઈ કે શું ? સ્કૂલો ક્યારે શરુ થશે તે કોરોના નક્કી કરશે. હજુ તેનો પ્રભાવ ને સ્વભાવ સુધર્યો નથી. જે બાળકે સ્કૂલ જોઈ, અનુભવી નથી.તેનેતો કોઈ પ્રશ્ન નથી.પણ સતત છ માસથી ઘરમાં છે...ને હવે ક્યારે જવાનું થશે તે નક્કી નથી. જેના લીધે બાળકની માનસિક સ્થિતિ કેવી હશે,કેવી થશે તે ગંભીર મુદ્દો છે. બાળકને તો જિજ્ઞાષા સાથે આ જગતને વિસ્મયતાથી જોવું છે,કલ્પના ને સ્વપ્નાના સાગરમાં વિહરવું છે.તે ચેતનાનો ફુવારો છે.તેને આંખો સાથે પાંખો આપોતો આકાશે ઉડવું છે ! તેને ઘરેલું ઢાંચો જરાય ગમતો નથી. પરદેશમાં પરેશાન બાળક ફોન કરી પોલીસને બોલાવી શકે છે... ઈચ્છીએ,અહીં આવું ન બને !

એક સમયે ગામડામાંની સ્કૂલમાં હતો ત્યારે વાલીએ ફરિયાદ કરેલી: 'અમારી શેરીમાં છોકરાઓ કેવાં અપશબ્દો બોલે છે,તમે માસ્તરો શું ભણાવો છો?' જવાબમાં જણાવ્યું હતું:'અમે ક્લાસરૂમમાં ક્યારેય અપશબ્દો શીખવાડતા નથી...' પછી કહી દીધું હતું:'ક્યાંથી શીખે છે, એ શોધો..!ફ્ર આ મુદ્દો એટલે સૂઝ્યો કે ડો.રાધાકૃષ્ણને વક્તવ્યમાં કહ્યું કે,બાળકમાં કોઈ ખરાબી હોતી નથી.તો આ બધી બદી, ખરાબી તેમનામાં આવે છે ક્યાંથી !? હીરા પારખું હોય તેને આવી પીડા પારખું પણ થવું જોઈએ.

આજે કોરોનાનો ડર ઓછો થયો છે. જનજીવન ધબકતું થવા લાગ્યું છે. પણ આપણા સ્કૂલ જવાપાત્ર બાળકો તો ઘરમાં જ છે. શિક્ષણના નામે ને કામે સતત એંગેજ રહેતી સંસ્થાઓએ આગળ આવી, ઓનલાઈન એજ્યુકેશન ઉપરાંત બાળકને ઘરેલું પ્રવૃત્તિઓ આપવાની દિશામાં પણ આગળ આવવું જોઈશે. સતત ગેમ માં મસ્ત, વ્યસ્ત રહેતાં બાળક સાથે વાલીએ પણ વ્યવહાર કરવાનું શીખવું,સમજવું જોઈશે.તેને ઘરમાં યોગ્ય પ્રવૃત્તિ, સર્જનકાર્ય, વાતાવરણ તેમજ મનોમાવજત કરવાનું અતિ જરૂરી બન્યું છે. કારણ કે હાલ ભારત નું ભાવિ ઘરમાં ઘડાઇ રહ્યું છે !

છેલ્લે :

આપણે જાણે-અજાણ્યે પણ કોઈ એવો સમાજ રચી બેઠાં છીએ, જેમાં ભોળપણ હાસ્યાસ્પદ લાગે છે ને છળકપટ સ્માર્ટનેસમાં ખપે છે !

http://raghavjimadhad.blogspot.com
mo. 94270 50995

કોઈનું ખોવાયેલું - રૂપિયા ભરેલું પાકિટ મળે તો તમે શું કરો ? વિચારજો

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

થોડા દિવસો પહેલા ગાંધીનગરમાં મહારાષ્ટ્ર – પુનાથી એક રિટાયર્ડ લેફ્ટનન્ટ કર્નલ શ્રી એસ.વી.એસ. પ્રસાદ આવેલા જેઓ એક દિવસ તેમની દીકરીને ઉવારસદ યુનાઈટેડ વર્લ્ડ ઈન્સ્ટીટ્યુટમાં મૂકીને ઉવારસદથી પરત ચિલોડા જતા હતા ત્યારે રસ્તામાં ક્યાંક તેઓનું પાકિટ ખોવાઈ ગયું. જેમાં રૂપિયા ૩૦,૦૦૦/- (ત્રીસ હજાર પુરા) અને બીજા અગત્યના કેટલાંક ડોક્યુમેન્ટસ પણ હતાં. ઘેર જઈને ખબર પડતા શ્રી પ્રસાદ સેકટર - ૨૧ના પોલીસ સ્ટેશને પહોંચી જાણ કરે છે. લેખિત અરજી આપે છે. પરંતુ હવે ત્રીસ હજાર ભરેલું પાકિટ મળે તો ય પાછું કોણ આપે ? પોલીસે તો એમની સઘળી કાર્યવાહી કરી. સીસીટીવી કેમેરા તપાસ્યા. અન્ય પોલીસ સ્ટેશને જાણ કરી પરંતુ કોઈ પરિણામ મળેલ નહીં. શ્રી પ્રસાદે પણ હવે પાકિટ મળવાની આશા છોડી દીધેલી પરંતુ કહેવાય છે ને કે કુદરત હંમેશાં સૃષ્ટિનું સંતૂલન કરી લે છે. સચ્ચાઈથી કમાયેલું ધન ક્યારેય ખોવાતું નથી. જે શહેરમાં ભ્રષ્ટાચારની પ્રવૃત્તિ વિશેષ થતી હોય ત્યા પ્રામાણિક અને સદગૂણી વ્યક્તિઓ પણ હોય છે. શ્રી પ્રસાદજી ઉપર બીજે દિવસે એક મોબાઈલ ફોન આવે છે કે " તમારું પાકિટ મને મળ્યું છે. મારે તમને પાછું આપવા આવવું છે હું ક્યા આવું ? " અને આવા અચાનક આવેલા ફોનથી પ્રસાદજીમાં તો જાણે નવી ઊર્જા આવી ગઈ. તેઓએ ફોન કરનાર ભાઈને પોતાનું નામ સરનામું આપ્યું અને થોડા જ સમયમાં એક ૨૫ વર્ષનો સાવ સામાન્ય મધ્યમવર્ગનો લાગતો યુવાન સામે ઊભો હતો. શ્રી પ્રસાદજી તો માની નહોતા શકતા કે રૂ/- ૩૦ હજાર રસ્તામાં ખોવાઈ ગયા હોય અને બીજે દિવસે એ જ રૂપિયા પાછા મળે. આવા કળિયુગમાં, મોંઘવારીના યુગમાં, બેકારીના સમયમાં, કોરોનાકાળમાં આટલી મોટી રકમ કોઈપણ માણસના મનને લાલચી બનાવી શકતી હતી. પણ અહી તો આટલી મોટી રકમ અને બધા જ ડોક્યુમેન્ટ્સ તેમની સામે, તેમના હાથમાં હતા.

"સાહેબ, તમારા રૂપિયા ગણી લેજો" આવનાર યુવકે કહ્યું.

શ્રી પ્રસાદજી જો રૂપિયા ગણે તો તો આ યુવકની પ્રામાણિકતા અને નિષ્ઠા ઉપર શંકા કરી ગણાય તેથી તેઓએ ગણ્યા વિના જ એમાંથી કેટલાક રૂપિયા કાઢીને તે યુવકને આપવા હાથ ધર્યો. પણ યુવકે તો સ્પષ્ટ કહી દીધું

"સાહેબ, જો મારે રૂપિયા જ જોઈતા હોત તો આ ૩૦ હજાર પાછા આપવા શા માટે આવું? એ રૂપિયા આપની મહેનતના છે. હું મારી મહેનતના કમાઉ છું" એમ કહી એ યુવક ચાલતો થાય છે. અને એ પુનાથી દીકરીને મળવા આવેલ વડિલ પિતા અને રિટાયર્ડ લેફ્ટનન્ટ કર્નલ એ જતા યુવકને જોઈ રહે છે. અને મનોમન એના માતાપિતાએ એને આપેલા સંસ્કાર અને ગુજરાતની ધરતીના ગૌરવનો અનુભવ કરે છે.

આ કથા અહીં પુરી થતી નથી. અહીં પ્રામાણિકતાની સાથે સંવેદનાની કથા પણ છે. આપણે પોલીસને મોટેભાગે નિષ્ઠૂર માનીએ છીએ. પણ આ પાકિટ ખોવાયાની અરજી પોલીસ સ્ટેશને હોવાથી પાકિટ મળ્યા પછી પ્રસાદજી સેકટર - ૨૧ના પોલીસ સ્ટેશને આવી ત્યાના પોલીસ ઈન્સ્પેકટર એમ.બી.ભરવાડને આખી વાત કરી કે એક છોકરો ઘેર આવીને પુરેપુરા રૂપિયા સહિત મારું પાકિટ પાછું આપી ગયો છે તેથી મારી અરજી હવે ફાઈલ કરશો.

ફરીથી અઠવાડિયું વીતે છે. સેકટર-૨૧ના પોલીસ સ્ટેશને દર મહિને એક લોકદરબાર રાખવામાં આવે છે જેમાં શહેરના આગેવાનો – પ્રતિષ્ઠિત માણસો જઈને લોકોની કોઈ મુશ્કેલી હોય તેની રજુઆત કરે છે. અને પોલીસ દ્વારા આવી મુશ્કેલીઓનો યોગ્ય રીતે નિકાલ કરવામાં આવે છે. પ્રજા અને પોલીસ વચ્ચે એક સંવાદાત્મક ભૂમિકા રચાય, સહકારનું સાહચર્ય વધે એવા આશયથી પોલીસ અધિકારીભરવાડે આ સુંદર પહેલ કરીને પ્રજા સાથે સંવેદનશીલ સૂમેળ સાધવાનો નવો રસ્તો અપનાવ્યો છે. હવે એક સપ્તાહ પહેલા પ્રસાદજીના ખોવાયેલા પાકિટને પરત આપનાર યુવાનની પ્રામાણિકતા આ પોલીસ અધિકારીના મનમાં હોવાથી તેમને થયું કે એ યુવકને આ લોકદરબારમાં બોલાવી શહેરના અગ્રણીઓ સામે તેનું સન્માન કરવું જોઈએ જેથી તેની ઈમાનદારી જોઈને, જાણીને આખા સમાજના તમામ લોકોને પ્રેરણા મળે. હવે એ લોકદરબારમાં કિશોર જીકાદરા, સુધીર દેસાઈ, મહેશ પટેલ વગેરે હતા. પોલીસ વિભાગમાંથી કોન્સ્ટેબલ અતુલભાઈ પારેખ (એલ.આઈ.બી) અને આ યુવાનને પણ બોલાવાયેલો. અને સંજોગોવશાત મારે કિશોરભાઈનું કામ હોવાથી મોબાઈલ પર સંપર્ક કરતા મને પણ આ લોકદરબારમાં બોલાવાયો. બધા મળ્યા. બધી વાત થઈ. તે યુવાન આવ્યો. તેણે તેની વાત કરી. આ ૨૫ વર્ષના યુવાનનું નામ અજીતકુમાર વિષ્ણુજી ઉદાજી ઠાકોર. વીરા તલાવડી વલાદની સીમમાં રહે અને નરોડાની કોઈ કલર બનાવવાની ફેકટરીમાં દસેક હજારના પગારની નોકરી કરે છે. સૌની વચ્ચે એ યુવાનનું પૂષ્પગૂચ્છથી સન્માન કરવામાં આવ્યું. કદાચ આ સન્માન મારી દૃષ્ટિએ કોઈ યુનિવર્સિટીની ડિગ્રી કરતાંય મોટું હતું કેમ કે ડિગ્રી તો પુસ્તકીયું જ્ઞાન આપે છે. જ્યારે આ સન્માન તો જન્મથી મળેલા સંસ્કારનું હતું. મનની પવિત્રતાનું, સચ્ચાઈનું હતું. તેથી તેનું મૂલ્ય અધિક હતું.

આ ઘટના તો ત્યાં જ પુરી થઈ ગઈ. પણ એ વખતે મેં જ મારી જાતને પ્રશ્ન કર્યો કે જો આ પાકિટ મને મળ્યું હોત તો ? આમ તો આપણે સૌએ આપણી જાતને સવાલ કરવો જોઈએ કે જો ત્રીસ હજાર રૂપિયાનું પાકિટ આપણને મળે તો ? શું આપણે એના મૂળ માલિકને પાછું આપવા જઈએ ખરા ?ક્યારેક આપણે ખૂદે આપણી પ્રામાણિકતાની પરીક્ષા લેવી જોઈએ. શક્ય છે કે આપણે મોટાભાગના નાપાસ થઈએ. ત્યારે આવા કોરોનાના કપરા કાળમાંથી બહાર આવેલા સાવ મજુરી કરતા ગરીબ યુવાને પોતાની પ્રામાણિકતા બતાવીને આખા માનવ સમાજને ઈમાનદારીનું ઉદાહરણ પુરું પાડ્યું છે.

બીજી તરફ એ વાતની પણ નોંધ લેવી જોઈએ કે પોલીસ દ્વારા આવા લોકદરબાર પણ યોજાય છે. જે પ્રજાની સાથે સંવેદનાત્મક રીતે જોડાઈને સંવાદ સાધીને સામાજિક વાતાવરણને સૂમેળભર્યું બનાવવા પ્રયત્નો કરે છે. કાયદા, કાનૂનનું પાલન અને શહેરની સામાજિક વ્યવસ્થાને પ્રેમ અને સહકારથી સુસંગત બનાવવાની નેમ પોલીસનું પણ ગૌરવ વધારે છે. આવી તો અનેક ઘટનાઓ પોલીસ ચોપડે નોંધાતી હશે. જેમાં પ્રેરણાત્મક સંદેશ હોય એવી ઘટનાઓને બહાર લાવવી જોઈએ. પ્રજા સમક્ષ મુકવી જોઈએ. જેથી લોકોને ખ્યાલ આવે કે માત્ર કવિ લેખકો જ સંવેદનશીલ નથી પોલીસ પણ સંવેદનશીલ હોય છે. આજે પણ પ્રજાના મોટાભાગના હિસ્સામાં પોલીસ પ્રત્યે નકારાત્મકભાવ હશે પણ આવી ઘટનાઓથી સકારાત્મકતા ફેલાશે. ગેરસમજણો દૂર થશે અને પોલીસ અને પ્રજા એકબીજાની નજીક આવશે. મિત્ર બનશે. ત્યારે જ સમાજ સમરસ અને આત્મનિર્ભર બનશે.

9426060601.india@gmail.com

મહિલા ઝંખે છે 'સમાનતા' અને 'સન્માન' !

રઝળપાટ
અજય ઉપાધ્યાય

આવતીકાલે ૮ મી માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ છે. મહિલાઓને સમાજમાં વધુ માન મળે, મહિલાઓ વધુ આગળ વધે, મહિલા શક્તિનો વધુ વિકાસ થાય વગેરે વગેરે વાતો, કાર્યક્રમો અને ચર્ચાઓ આ દિવસે થવાની અને થવી જ જોઈએ એટલું જ નહીં પણ આ દિવસે અને વર્ષભર નારી ઉત્થાન, નારીસુરક્ષા, મહિલાઓ પર થતા બળાત્કાર-અત્યાચાર, શોષણ તેમજ અન્ય મહિલા સમસ્યાઓ અને મહિલાઓના એંપાવરમેંટ માટે કરાતી જહેમતોને અમલમાં પણ મુકાવી જોઈએ. સરકાર, સંસ્થાઓ અને ઓફ કોર્સ સમાજ પણ મહિલાઓના ઉત્થાન અને સામાજિક સ્થાન માટે સતત સંઘર્ષ અને કાર્યો કરતાં રહે છે છતાં પણ મહિલાઓની સ્થિતિમાં ઉડીને આંખે વળગે એવો કોઈ ફેરફાર થતો દેખાતો નથી. મોટા મોટા દાવાઓ, કાયદાઓ, સામાજિક ચેતના જગાડવાના પ્રયત્નો છતાં પણ મહિલાઓ પર થતાં અત્યાચારો, મહિલાઓનું સામાજિક સ્થાન વગેરેમાં હજુ ઠેર ના ઠેર જ છીએ એ કડવી છતાં સાચી હકીકત છે.

અને આની સાબિતી માટે વધુ ભૂતકાળમાં જવાની પણ જરૂર નથી, હજુ હમણાં જ બનેલા બે બનાવો મહિલાઓની સમાજમાં સ્થિતિ અને સમાજમાં એમના વિષેના વિચારોની ચાડી ખાય છે. અમદાવાદનાં રિવરફ્રન્ટ પર પતિ અને સાસરિયાના દહેજરૂપી દાવાનળથી દાજેલી આયેશાએ હસતાં મોઢે મોતને વહાલું કર્યું પણ એ પહેલા એણે રેકોર્ડ કરેલા વિડિયોએ સમાજમાં મહિલાઓની સ્થિતિ વિષે ફરીથી વિચારતા કરી દીધા. આજે કહેવાતી સુધરેલી એવી એકવીસમી સદીમાં પણ દહેજના દાનવે આવી કેટલીયે આયેશાના જીવતર દોઝખમાં ફેરવી નાખેલ છે. બીજા એક બનાવમાં ઉત્તરપ્રદેશના હરદોઈમાં એક પિતાએ કથિત રીતે પોતાની દીકરીને કોઈ છોકરા સાથે આપતીજનક સ્થિતિમાં જોયા પછી દીકરીનું માથું ધારદાર હથિયારથી કાપી નાખ્યું અને પોલીસ પાસે હાથમાં દીકરીના કપાયેલા માથા સાથે આત્મસમર્પણ કર્યું. ઓનર કિલિંગનું કદાચ આનાથી વધુ જઘન્ય કૃત્ય ભારતમાં બન્યાનું યાદ નથી. હદ છે ને ? પોતાની વહાલસોઈ દીકરીના અંત માટે એક બાપે કશું જ વિચાર્યા વગર પોતાની વરવી માનસિકતાનું ખુલ્લેયામ પ્રદર્શન કર્યું એટલું જ નહીં પણ એ કર્યાનો એણે કોઈ અફસોસ પણ નહોતો. ડીટ્ટો આયેશાના કેસમાં પણ મળેલા સમાચારો મુજબ જેને ખાતર આયેશાએ મોત વહાલું કરેલું એવા એના પતિને પણ આયેશાના મોતનો રતીભર પણ અફસોસ નહોતો.

નો ડાઉટ છેલ્લા થોડા વર્ષોથી મહિલાઓએ લગભગ દરેક મોરચે પ્રગતિ કરી છે, આગળ આવી છે પણ ઉપરના બન્ને બનાવો કે જે તાજેતરનાં જ છે એના પરથી એક વાત તો સાબિત થાય જ છે કે મહિલાઓની મૂળભૂત સમસ્યામાં હજુ કોઈ નોંધપાત્ર સુધારો નથી જ થયો. મહિલાઓ પર થતાં અત્યાચારના એક પછી એક બનાવો બન્યે જાય છે અને આપણે એક પછી એક બનાવો ભૂલતા જાઈએ છીએ. ઉપરના બન્ને બનાવોને જ માત્ર લક્ષ્યમાં રાખીએ તો પણ એક વાત બહાર આવે છે કે મહિલાઓ પર થતાં અત્યાચારોના બનાવોમાં મોટે ભાગે પરિવારના સદસ્યો, સગા-સંબંધીઓ કે પાડોશીઓ સંકળાયેલા હોય છે. આ એક કડવી પણ એકદમ સત્ય હકીકત છે. પારિવારિક હિંસા અને અત્યાચારની સાથે સાથે મહિલાઓની સામાજિક સમાનતામાં હજુ આપણે ઘણા પાછળ છીએ. એટલું જ નહીં પણ ૨૦૧૭ ના એક રિપોર્ટ મુજબ લેંગિક સમાનતા એટ્લે કે સ્ત્રી અને પૂરુષને સમાન હક મળે, સમાન દરજ્જો મળે અને સમાન તકો મળે એ બાબતમાં આપણું ભારત ૧૪૪ દેશોના લીસ્ટમાં ૧૦૮માં નંબરે હતું. ૨૧ મી સદીમાં 'ન્યુ વુમન' સમાજના પોતાના પ્રત્યેના વ્યવહારમાં બદલાવ ઈચ્છે છે. સંબંધોમાં પુરુષ સાથે સમભાવ ઈચ્છે છે, પોતાની વાત ઘરની પાર્લામેન્ટમાં સંભળાઈ એવી ઈચ્છા રાખે છે અને એટ્લે જ આ બધાની શરૂઆત પહેલા ખુદના ઘરથી જ થવી જોઈએ.

મહિલા શશક્તિકરણ માટે આ બહુ અગત્યનો મુદ્દો છે. સમાજ અને સમાજમાં પડતી મુશ્કેલીઓ તો પછીની વાત છે પણ પહેલા પોતાના પતિ કે પિતા તો એને સમજે. સ્ત્રીના વિકાસમાં સૌથી વધુ યોગદાન જો કોઈ આપી શકે તો એ એનું કુટુંબ જ હોય શકે. સોસાયટી ભલે ને પુરુષપ્રધાન હોય પણ જો એ જ પુરુષ પોતાની બેટી - પત્ની - માં ની વાત સાંભળી અને એને સહકાર આપતો થાય તો મહિલા સમાજની વિસંગતતા અને એના વ્યવહારને અવગણી કે પરાજિત કરી શકે છે. એ વાત સમજવી જરૂરી છે કે સ્ત્રી અને પુરુષ એ બન્ને પ્રતિસ્પર્ધી નહીં પણ એકબીજાના પૂરક છે અને બન્ને સમાન હકના અધિકારી પણ છે. કમાતી સ્ત્રીઓ નોકરી પૂરી થતાં જ ગૃહિણી બની જાય છે એ બરાબર પણ પછી ઘણીબધી જગ્યાએ કે જ્યાં એના વચન અને ઓપીનિયનની જરૂર હોય છે ત્યાં પણ